# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪ સદ્‌વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૫૯ • ૧૫ એપ્રિલ ૨૦૨૫ • પાનાં : ૨૪ • વાર્ષિક લવાજમ રૂ.૫૦


## શિશુવિહાર પ્રાંગણમાં ફાગણ પૂર્ણિમા ઉત્સવ



શિશુવિહાર પ્રાંગણમાં ૮૫ વર્ષથી યોજાતાં હોળી પર્વ પ્રસંગે પૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન ફાગણ સુદ પૂર્ણિમાએ ઉજવાઈ ગયું. શ્રી હરેશભાઈ ભટ્ટ અને કમલેશભાઈ વેગડના માર્ગદર્શન હેઠળ ક્રીડાંગણના તાલીમાર્થીઓ દ્વારા ડંબેલ્સ, લેઝિમ, લાઠીના પારંપારિક ભારતીય વ્યાયામ તેમજ આપત્તિ નિવારણ વ્યવસ્થાનું નિદર્શન થયું. આ પ્રસંગે શિશુવિહારની પ્રથમ ટુકડીનાં વિદ્યાર્થી સ્વ.મહાશ્વેતાબહેન ત્રિપાઠી તેમજ સાગરભાઈ મહેતાની સ્મૃતિમાં સંસ્થાનાં પૂર્વ વિદ્યાર્થી અને સેવાભાવી ડૉ.પ્રકાશભાઈ ભટ્ટ, વરિષ્ઠ પત્રકાર શ્રી બકુલભાઈ ચાતુર્વેદી તથા મહિલા સશક્તિકરણ માટે કાર્યાન્વિત શ્રી ઈલાબહેન ઓઝાનું વિશિષ્ટ અભિવાદન કરાયું.

સંસ્થાના પૂર્વ વિદ્યાર્થી તથા અમેરિકા સ્થિત શ્રી મહર્ષિભાઈ મહેતા તેમજ સંસ્થા ક્રીડાંગણની પ્રથમ ટુકડીના વિદ્યાર્થિની શ્રી ઈન્દિરાબહેન









ત્રિવેદીનાં અધ્યક્ષ સ્થાને યોજાએલ સમારોહમાં ક્રીડાંગણના તાલીમાર્થી તરીકે રોનક, કુલદીપ, વૈભવ, સોહન, ગૌતમ, શુભમ, ઉમંગ, ક્રિશ, વિરેન અને શુભમનું નિયમિત તાલીમાર્થી તરીકે મહેમાનશ્રીના વરદહસ્તે અભિવાદન થયું. આ પ્રસંગે ઉપસ્થિત ૨૫૦થી વધુ દર્શનાર્થીઓને સંબોધતાં કાર્યક્રમનાં અધ્યક્ષશ્રીએ હોળી-પર્વના સાંસ્કૃતિક મહત્વની વાત કરતાં જણાવ્યું કે શિશુવિહારથી જીવન શિક્ષણનું કાર્ય થાય છે. જે નવી પેઢીનું ભવિષ્ય બને છે. આ પ્રસંગે સ્વ.મહાશ્વેતાબહેન ત્રિપાઠી તેમજ સાગરભાઈ મહેતા એવૉર્ડથી સન્માનિત શિશુવિહારના પૂર્વ વિદ્યાર્થીઓ શિશુવિહાર સાથેનાં તાલિમી દિવસોને યાદ કરતાં ભાવ-વિભોર બની ગયા હતા.

હોળી પ્રાગટય અને ધાણી, ખજૂર દાળિયાના પ્રસાદ સાથે આનંદભેર યોજાએલ સમારોહમાં શિક્ષણવિદ ડૉ.નલિનભાઈ પંડિતે જીવન ઘડતરમાં ક્રિડાંગણ તાલીમની અનિવાર્યતા જોઈ આનંદ વ્યકત કર્યો હતો. હોળી ઉત્સવ પ્રસંગે પાંચ દસકાનું આયુષ્ય વટાવી ગયેલાં વિદ્યાર્થીઓએ ફાગણનાં ગીતો ગાયાં અને સ્વરુચિ ભોજનનો આનંદ લીધો હતો. પ્રતિ વર્ષ યોજાતાં જૂનાં વિદ્યાર્થીઓનાં ભાવાત્મક કાર્યક્રમનું સંચાલન શ્રી રક્ષાબહેન ભટ્ટે કર્યુ હતું.





તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઈ ભટ્ટ

❀ પ્રકાશન સ્થળ ❀



શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧

Website: www.shishuvihar.in  Email: shishuviharbhavnagar@gmail.com

Facebook: Shishuvihar Bhavnagar  Mobile : 7043332100, 9574915736

## શિશુવિહારનું અભિવાદન




છેલ્લાં ૮૬ વર્ષથી મૂલ્યશિક્ષણ અને સામાજીક સદભાવ માટે કાર્યરત શિશુવિહાર સંસ્થાનું સારસ્વત એવૉર્ડથી અભિવાદન કરવામાં આવ્યું. ભારત સરકારના પૂર્વ શિક્ષણ મંત્રી ડૉ.રમેશ પોખરીયાલની અધ્યક્ષતામાં ૩૦ માર્ચ રવિવારે ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદના હિરક મહોત્સવ ખંડમાં યોજાએલ સમારોહમાં શિશુવિહાર સંસ્થામાં છેલ્લા ૧૫ વર્ષથી મંત્રી તરીકે સેવાર્થી ડૉ.નાનકભાઈ ભટ્ટનું વિશેષ અભિવાદન થયું હતું.

ગુજરાત સરકારના પૂર્વ મુખ્ય સચિવ તથા સોમનાથ ટ્રસ્ટના માનદ મંત્રીશ્રી પ્રવીણભાઈ લહેરીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાએલ ગરીમાપૂર્ણ સમારોહમાં શિશુવિહારની માનવ સેવા પ્રવૃત્તિની વિગતે નોંધ મુકી ડૉ.નાનકભાઈ ભટ્ટનું સારસ્વત સન્માન થયું હતું.



## શિશુવિહારની નિયમિત પ્રવૃત્તિઓ

### સ્વાતંત્ર્ય સેનાની શ્રી પ્રેમશંકરભાઈ ભટ્ટ બાલમંદિર

- શ્રી પ્રેમશંકરભાઈ ભટ્ટ બાલમંદિરમાં માર્ચ માસ દરમિયાન બાળકોની કુલ સંખ્યા ૫૫ રહી હતી. જેમાં ૫ બાળકો અને શિક્ષક શ્રી ઉષાબહેન રાઠોડનો જન્મદિવસ વાલીની હાજરીમાં ઉજવાયો હતો. બાળકોમાં સમૂહ ભાવના કેળવવાનાં હેતુથી બાળનાટક કરાવેલ. વૈજ્ઞાનિક શિક્ષણ અંતર્ગત ચુંબકીય હોડી, શુન્યાવકાશનું સર્જન, રેતઘડી, ગૂંજતો





ભમરાનો પ્રયોગ બાળકોને કરી બતાવવામાં આવેલ. માસ દરમિયાન વિવિધ અનાજ-કઠોળની રંગોળીનું પ્રદર્શન યોજેલ. જેમાં બાળકોની સંખ્યા ૪૫ અને વાલીની સંખ્યા ૨૫ રહી હતી.

તારીખ ૧૧ માર્ચએ બાળકો અને શિક્ષક સાથે હોળી ઉત્સવની ઉજવણી કરવામાં આવેલ. તારીખ ૨૨ માર્ચે બાળકો અને વાલીનું સમૂહ ભોજન કરવામાં આવેલ. જેમાં બાળકોની સંખ્યા ૧૦ અને વાલીની સંખ્યા ૨૫ રહી હતી. બાળવયે બાળક મા-બાપની મદદ વિના જાતે ભોજન કરે અને એક રાત્રી ઘર બહાર રહે છે ત્યારે તેનામાં અભૂતપૂર્વ આત્મવિશ્વાસ વિકસતો જોવા મળે છે આ હેતુ અર્થે પ્રતિ વર્ષ માફક ૨૨ માર્ચે બાળકોનું રાત્રી રોકાણ કરવામાં આવેલ જેમાં બાળકોની સંખ્યા ૧૦ હતી.

માસ દરમિયાન સર્વશ્રી જયદેવભાઈ દવે, દીપિકાબહેન પંડ્યા, અજીતભાઈ બોલાર, જૈન ગ્રૃપ, વિમલભાઈ ભટ્ટ, નિપૂર્ણભાઈ ધોળકીયા, બિન્દુબહેન વકીલ, વિભાકરભાઈ મહેતા, વસંતભાઈ ફળીયા, શ્રી એન.સી.દલાલ એન્ડ કંપની તરફથી બાળકોને ભોજન અને ૧૪ દાતા તરફથી બાળકોને નાસ્તો આપવામાં આવેલ. તમામ દાતાશ્રીનો સંસ્થા આભાર વ્યક્ત કરે છે.

સંચાલક : શ્રી અંકિતાબહેન ભટ્ટ

## આરોગ્ય

## ૫૦૬ તથ ૫૦૭ મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ






• શિશુવિહાર સંસ્થામાં યોજાએલ નેત્રયજ્ઞ દ્વારા ૪૩ જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે નેત્ર સારવાર મળી. સ્વ.શ્રી જીવીબા સ્મૃતિમાં શ્રી નવનીતભાઈ રાઠોડની ઉપસ્થિતિમાં ૫૦૬મો તેમજ સ્વ.સવિતાબહેન રાઘવજીભાઈ પટેલનાં સ્મરણાર્થે શ્રી રાઘવજીભાઈ પટેલની ઉપસ્થિતિમાં ૫૦૭મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ તારીખ ૨૮ માર્ચનાં રોજ શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો. ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શિવાનંદ આઇ હોસ્પિટલના સહયોગથી યોજાએલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૪૩ દર્દીઓની આંખ તપાસ ડૉ.શ્રી શાંતનુ ગુલાટીની ટીમ દ્વારા કરવામાં આવી. જે તમામને શિશુવિહાર પરિસરમાં ડૉ.મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો તથા બપોરે ભોજન બાદ જરૂરિયાતમંદ ૧૫ દર્દીઓને કેટ્રેક સર્જરી માટે તેમજ દર્દીઓના ૧૦ સહાયકોને પરીખ ફાઉન્ડેશન દ્વારા મળેલ એ.સી. બસમાં વિરનગરથી પરત લાવવામાં આવ્યા હતા. 'દર્દી દેવોભવ:'ની ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાના તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

સંચાલક : શ્રી રાજુભાઈ મકવાણા



## જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

## ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ :



• માર્ચ માસમાં નિયમિત રીતે આવતાં સ્કાઉટના વિદ્યાર્થીઓની સંખ્યા ૩૫ રહી હતી. જેઓને આયોજન અનુસાર સાંજના ૫:૩૦ થી ૭:૩૦ દરમિયાન બેઈઝબોલ, વૉલીબોલ, કબડ્ડી પ્રકારે સામૂહિક રમતો રમાડવામાં આવી હતી. સાયં પ્રાર્થના ધૂન, હર્ષનાદ, ગીતો ગાયાં તેમજ સ્કાઉટ તાલીમાર્થી જયપાલભાઈ વાઘેલાનો જન્મદિવસ પ્રસાદ સ્મૃતિભેટ સાથે ઉજવાયો. સંસ્થા પ્રાંગણમાં હોળી ઉત્સવ યોજાયો. જેમાં ક્રિડાંગણ તાલીમાર્થીઓએ ડંબેલ્સ, લાઠી, લેઝીમના દાવ તેમજ આપત્તિ નિવારણ નિર્દશન કર્યું. આ પ્રસંગે વર્ષ ૨૦૨૪માં નિયમિત રીતે આવતા ૧૦ તાલીમાર્થીનું અભિવાદન થયું. સૌ તાલીમાર્થીઓએ પોતાના વાલી સાથે ભોજનનો આનંદ લીધો હતો.

• મેદાની રમતો દ્વારા વિદ્યાર્થીઓ સાહસી અને પરસ્પરને ઉપયોગી થવાનો હેતુ સાર્થક કરે અને સમૂહમાં કામ કરતા થાય તે હેતુને લઈને શિશુવિહાર ક્રિડાંગણમાં શ્રી હરેશભાઈ ભટ્ટ દ્વારા આપત્તિ નિવારણ તાલીમ વિદ્યાર્થીઓમાં નવું જોમ ઉમેરે છે. સંસ્થાના બાલદેવવનમાં યોજાએલ વિશિષ્ટ તાલીમમાં ૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈને સાહસિક રમતોનો આનંદ લીધો હતો.

સંચાલક : શ્રી કમલેશભાઈ વેગડ

# ગોખલે જ્ઞાનમંદિર પુસ્તકાલયના ઉપક્રમે શિશુવિહાર સંસ્થાની સામાજિક શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગે યોજાએલ અભ્યાસની સંકલિત વિગત

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | શૈક્ષણિક સંસ્થાની વિગત | અભ્યાસ વર્ષ | વિષય |
|---|---|---|---|---|
| ૧ | રવિ સોલંકી (માસ્ટર ઓફ સોશિયલ વર્ક) | સ્વામી સહજાનંદ કૉલેજ ઓફ કોર્મસ | ૨૦૦૯-૧૦ | બાળકો ઉપર બિન ઔપચારિક અભ્યાસ |
| ૨ | જયેશ આર.ચૌધરી (બી.એલ.આઇ.એસ.સી.) | ગ્રંથાલય અને વિજ્ઞાન અનુસ્નાતક ભવન ભાવનગર યુનિવર્સિટી | ૨૦૧૦-૧૧ | લઘુશોધ નિબંધ શિશુવિહારનું સામાજિક પ્રદાન |
| ૩ | સોનાબહેન એસ. રાજાણી (બી.એલ.આઇ.એસ.સી.) | ગ્રંથાલય અને વિજ્ઞાન અનુસ્નાતક ભવન ભાવનગર યુનિવર્સિટી | ૨૦૧૦-૧૧ | ગોખલે જ્ઞાન મંદિર - એક અભ્યાસ |
| ૪ | રાજેન્દ્રભાઇ બી. ગોહિલ (એમ.એડ.) | મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી ભાવનગર | ૨૦૧૧ | શિશુવિહાર સંસ્થા સ્થાપના વિકાસ અને પ્રદાન |
| ૫ | સોમાભાઇ એમ. તલવાડીયા (એમ.એસ.ડબલ્યુ) | શ્રી જે.પી.વિદ્યાલય ગઢડા(સ્વામીના) | ૨૦૧૨-૧૩ | શિશુવિહાર સંસ્થાની સામાજિક સેવાઓનું મૂલ્યાંકન |
| ૬ | ડૉ.અક્ષયસાગર જે. મહેતા | નિયામક જી.સી.ઇ.આર.ટી. | ૨૦૧૩-૧૪ | શ્રી પ્રેમશંકરભાઇ ભટ્ટનું બાળકેળવણીમાં દર્શન |
| ૭ | ડૉ.બી.ગી.થોમસ (એમ.એસ.ડબલ્યુ) | સરદાર પટેલ યુનિવર્સિટી - આણંદ | ૨૦૧૪-૧૫ | ભાવનગરની પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૭-૮માં અભ્યાસ કરતી બહેનો અને તેમના લોહીમાં હિમોગ્લોબીન |
| ૮ | તપન પટેલ (એમ.એસ.ડબલ્યુ) | સરદાર પટેલ યુનિવર્સિટી - આણંદ | ૨૦૧૫-૧૬ | સ્વૈચ્છિક સંસ્થા તરીકેનું મૂલ્યાંકન |
| ૯ | તપન પટેલ (એમ.એસ.ડબલ્યુ) | સરદાર પટેલ યુનિવર્સિટી - વલ્લભ વિદ્યાનગર | ૨૦૧૫ | શિશુવિહાર સંસ્થા એક અભ્યાસ |
| ૧૦ | પૂજા બી. ગાંધી એમ.એ. | મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ ભાવનગર | ૨૦૧૬ | શિશુવિહાર બાળ પુસ્તકાલય એક અભ્યાસ |
| ૧૧ | કોમલબહેન સી.જાંબુચા એમ.ફીલ | મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી ભાવનગર | ૨૦૧૬ | શિશુવિહાર સંસ્થા સ્થાપના વિકાસ અને પ્રભાવ |
| ૧૨ | આશાબા આર. ગોહિલ એમ.એ. | ન.ચ.ગાંધી મહિલા કૉલેજ - ભાવનગર | ૨૦૧૬ | શિશુવિહાર બાળ પુસ્તકાલય |
| ૧૩ | સુસ્મિતાબહેન ઓ.ચુડાસમા એમ.એ. | ન.ચ.ગાંધી મહિલા કૉલેજ - ભાવનગર | ૨૦૧૬ | શિશુવિહાર બાળ પુસ્તકાલય |
| ૧૪ | ખુશાલીબહેન એન.બારડ એમ.એ. | ન.ચ.ગાંધી મહિલા કૉલેજ - ભાવનગર | ૨૦૧૬ | શિશુવિહાર બાળ પુસ્તકાલય |
| ૧૫ | હિરલબહેન એન. બારૈયા એમ.એ. | ન.ચ.ગાંધી મહિલા કૉલેજ - ભાવનગર | ૨૦૧૬ | શિશુવિહાર બાળ પુસ્તકાલય |



| ક્રમ | વિદ્યાર્થીનું નામ | શૈક્ષણિક સંસ્થાની વિગત | અભ્યાસ વર્ષ | વિષય |
|---|---|---|---|---|
| ૧૬ | સેજલબા બી. જાડેજા એમ.એ. | ન.ચ.ગાંધી મહિલા કૉલેજ - ભાવનગર | ૨૦૧૬ | શિશુવિહાર બાળ પુસ્તકાલય |
| ૧૭ | મોનિકા જે. ચુંગા એમ.એસ.ડબલ્યુ | એલ.ડી.આર્ટસ કૉલેજ અમદાવાદ | ૨૦૧૮ | શિશુવિહાર |
| ૧૮ | ઋતાંશી ડી. રાઠોડ એમ.એસ.ડબલ્યુ | કે.આર.દોશી કોલેજ ઓફ સોશિયલ વર્ક,ભાવનગર | ૨૦૨૫ | શિશુવિહાર દૈનિક અહેવાલ |
| ૧૯ | આશા એસ.ગોહિલ | શ્રી સ્વામી નારાયણ કોલેજ ઓફ એજ્યુકેશન ભાવનગર યુનિવર્સિટી | - | શિશુવિહાર સંસ્થાનું શૈક્ષણિક વ્યાવસાયિક સલાહ અને માર્ગદર્શન |
| ૨૦ | માનસીબહેન કે.ચૌધરી બી.એસ.ડબલ્યુ | જે.કે.સરવૈયા કોલેજ સરદારનગર, ભાવનગર | ૨૦૨૫ | શિશુવિહાર સંસ્થાની સામાજીક સેવાઓનું મૂલ્યાંકન |
| ૨૧ | રવિનાબહેન આર.ચૌધરી બી.એસ.ડબલ્યુ | જે.કે.સરવૈયા કોલેજ સરદારનગર, ભાવનગર | ૨૦૨૫ | શિશુવિહાર સંસ્થાની સામાજીક સેવાઓનું મૂલ્યાંકન |
| ૨૨ | મિત્તલબહેન કે.ચૌધરી બી.એસ.ડબલ્યુ | જે.કે.સરવૈયા કોલેજ સરદારનગર, ભાવનગર | ૨૦૨૫ | શિશુવિહાર સંસ્થાની સામાજીક સેવાઓનું મૂલ્યાંકન |
| ૨૩ | સ્વેતલબહેન એસ.વસાવા બી.એસ.ડબલ્યુ | જે.કે.સરવૈયા કોલેજ સરદારનગર, ભાવનગર | ૨૦૨૫ | શિશુવિહાર સંસ્થાની સામાજીક સેવાઓનું મૂલ્યાંકન |

## -: નિમંત્રણ :-

- સ્વરાજની શાળા તરીકે પ્રસ્થાપિત શિશુવિહાર સંસ્થાની સામાજિક, શૈક્ષણિક, મહિલા સશકિતકરણ સાથે જીવન ઉપયોગી અને વિશેષત: સાહિત્યિક પ્રવૃત્તિ સંશોધનનો એક બૃહદ વિષય રહયો છે. ઉપરોક્ત વિગતે સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ અભ્યાસો પણ થયા છે. શિશુવિહારનાં સામાજિક પ્રદાન સાથે સંકળાયેલ વિષયને પસંદ કરી પી.એચ.ડી. માટે સંશોધન કરનાર વિદ્યાર્થીઓને નિમંત્રણ છે. સંસ્થા આ માટે વિદ્યાર્થીઓને આર્થિક અનુદાન પણ આપી રહી છે.

## : સાભાર સ્વિકાર :

- પરાગિની બહેન મહેતા તરફથી વોકર અને સ્ટીક ભેટ મળેલ છે.
- શ્રૃતાબહેન જે સંઘવી (મુંબઇ) તરફથી ૧૦ કમોડ ખુરશી ભેટ મળેલ છે. સંસ્થા દાતાશ્રીનો આભાર માને છે.

### ફિઝિયૉથેરાપી તથા ફિટનેસ સેન્ટર:

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથેરાપી સેન્ટરમાં સવારે ૯:૦૦થી ૧:૦૦ તથા સાંજના ૪:૦૦થી ૬:૦૦ દરમિયાન શરીરનાં વિવિધ દુ:ખાવાની સારવાર આપવામાં આવે છે. ડૉ.ભાવિકાબહેન હરિયાણીનાં કન્સલ્ટેશન હેઠળ માર્ચ માસમાં ૩૨૫ દર્દીઓએ સારવાર લીધી હતી.

સંચાલક : શ્રી દીપાબહેન જોશી

### વયસ્કો માટે ૩૬૧મી દ્રષ્ટિ ચકાસણી શિબિર:

સ્વ. શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી તથા સ્વ.હસમુખભાઈ સરવૈયાના સ્મરણાર્થે માર્ચ માસમાં ૪ શનિવારે દ્રષ્ટિ ચકાસણી શિબિર યોજાઈ. શ્રી અંક્તિાબહેન ભટ્ટે Refractometer દ્વારા ૬૩ વયસ્કોની આંખ તપાસ કર્યા બાદ ૪૨ વયસ્કોને ચશ્માં આપવામાં આવ્યા.

સંચાલક: શ્રી રાજુભાઈ મકવાણા

### શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટર:

માર્ચ માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવારથી શુક્રવાર સાંજના ૪:૦૦ થી ૬:૦૦ દરમિયાન એલૉપેથીની સારવારનો લાભ ૩૭૩ દર્દીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર અરવિંદભાઈ ત્રિવેદી દ્વારા જરૂરિયાત મુજબ દર્દીઓને નિ:શુલ્ક દવાઓ આપવામાં આવી.

સંચાલક : ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી

### આરોગ્યવર્ધક ઔષધિ પીણું:

શ્રી નિશીથભાઈ મહેતાના સૌજન્યથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ માર્ચ માસ દરમિયાન ૧૫૦૦ નાગરિકોએ લીધો.

સંચાલક : શ્રી નરસિંહભાઈ મકવાણા

### હૉમિયોપેથિક સ્વાસ્થ્ય કેન્દ્ર:

ભાવનગરનાં સામાજિક સ્વાસ્થ્ય માટે છેલ્લાં ૨૩ વર્ષથી કાર્યન્વિત સ્વામી વિવેકાનંદ હૉમિયોપેથિક હોસ્પિટલ,ભાવનગરના ઉપક્રમે શિશુવિહાર સંસ્થામાં ચાલતાં કેન્દ્રમાં ડૉ.અભિલાષા સોનપાલ તેમજ તાલીમાર્થી વિદ્યાર્થીઓની દેખભાળ સાથે દર્દીઓને સવારે ૯:૩૦થી ૧૨:૩૦ તથા સાંજે ૪:૦૦ થી ૬:૦૦ નિ:શુલ્ક તપાસ,દવા આપવામાં આવે છે. હોમિયોપેથિક કેન્દ્રનો લાભ માર્ચ માસ દરમિયાન ૨૫૮ દર્દીઓએ લીધો હતો.

સંચાલક : ડૉ.અભિલાષા સોનપાલ



### ડાયટ કાઉન્સીલિંગ સેન્ટર :

શિશુવિહાર કેન્દ્રથી કાર્યાન્વિત સ્વાસ્થ્ય સેવાઓમાં આવતા દર્દીઓનાં માર્ગદર્શન માટે ન્યુટ્રીશ્યનિસ્ટ તરીકે સેવા આપતાં શ્રી છાયાબહેન રાણીંગા દ્વારા સાંજના ૬:૦૦ થી ૭:૦૦ સમતોલ આહાર અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. માર્ચ માસમાં ડાયટ કાઉન્સીલિંગ સેન્ટરમાં ૧૦ દર્દીઓને સલાહ મળેલ છે.

સંચાલક : શ્રી છાયાબહેન રાણીંગા

### શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર :

માર્ચ માસમાં ૧૪૦ વાચક સભ્યોએ ૧૮૦ પુસ્તકો વાચ્યાં તેમજ ૧૩૦ લોકોએ પુસ્તકાલયની મુલાકાત લીધી હતી. 'સમજણના સૂર, પ્રભાતનો પગરવ, મેલુહા'(મંજુબહેન નિર્મળભાઈ વકીલ), 'નટુ મિસ્ત્રી ચેતકની પુષ્પકલી'(રમણીકભાઈ ઝાપડીયા-સુરત), 'તવારીખની તેજ છાયા'(ડૉ.નાનકભાઈ ભટ્ટ), 'સ્કુલ અને ટ્યુશન સીવાયની કેળવણી-૮૦ નંગ,૩૫ પુસ્તક'(ડૉ.નવનીતભાઈ રાઠોડ) સંસ્થાનાં પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળ્યા છે. જેનો સાભાર સ્વીકાર છે.

સંચાલક : શ્રી મંગળસિંહ પરમાર

### બાલદેવ વન:

માર્ચ માસ દરમિયાન શ્રી તદરૂપાનંદ બાલદેવનમાં તથા ઍક્સેલ ક્રોપ કેર લિ. પ્રેરિત 'નૉલેજ પાર્ક'માં કુલ ૨૫૦ બાળકો પોતાનાં વાલી સાથે રમવાં આવ્યાં હતાં. કલરવ ભુલકા ઘરના ૫૦, મુક્તાલક્ષ્મી શાળાના ૨૦, ઉડાન જુનિયર પ્રિ સ્કુલના ૮૦ બાળકો. આમ કુલ ૧૫૦ બાળકો બાલદેવવનમાં રમવા આવ્યાં હતા. તમામ બાળકોને સંસ્થા તરફથી'બાળ આરોગ્ય સૂત્ર'પુસ્તિકા ભેટ આપવામાં આવેલ.

સંચાલક : શ્રી હિનાબહેન ભટ્ટ

### હસ્ત ઉદ્યોગ કાર્યશાળા:

શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ શાળામાં પ્રત્યેક શનિવારે સાંજે ૫:૦૦થી ૬:૩૦ દરમ્યાન વિદ્યાર્થીઓને જીવન શિક્ષણ તાલીમ આપવામાં આવે છે. માર્ચ માસમાં ક્રમાંક ૨૩૪થી ૨૩૬મી તાલીમ અંતર્ગત વિદ્યાર્થીઓને ઓર્ગેનિક હોળીના રંગ, મોનેકો બાઈટ્સ તેમજ પેન સ્ટેન્ડ બનાવવાની તાલીમ આપવામાં આવી હતી, જેમાં ૧૦૫ સ્કાઉટે ભાગ લીધો હતો.

સંચાલક : શ્રી પ્રીતિબહેન ભટ્ટ

## સીવણ તાલીમ:

માર્ચ માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૨૭ રહી હતી. સ્વ.શ્રી રૂદ્રબાળાબહેનની પદ્મકાંતભાઈ મહેતાનાં સ્મરણાર્થે (હસ્તે શ્રી મહર્ષિભાઈ મહેતાના સહયોગથી)શિશુવિહાર સંચાલિત સીવણવર્ગની બહેનોને સંસ્થાના કાર્યકર શ્રી પ્રીતિબહેન ભટ્ટ દ્વારા તમામ બહેનોને મોબાઈલનું કવર તેમજ પાણીની બોટલનું કવર બનાવવાની તાલીમ આપવામાં આવી હતી.

સંચાલક : શ્રી ગુલાબબા ગોહિલ

## તાલીમ:

શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૮ માર્ચ યોજાયેલ, જેમાં માસ દરમિયાનનાં નિયત ૧૦૫ કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનાં મૂલ્યાંકનની સાથોસાથ સંસ્થાગત પ્રવૃત્તિ અંગે કાર્યકરો સાથે ચર્ચા કરવામાં આવી.

સંચાલક : શ્રી હિનાબહેન ભટ્ટ

## ર.વિ.ગોસળિયા ક્રિડાંગણ:

ક્રિડાંગણમાં મુક્ત મને નિજાનંદ માણતાં બાલદેવોનું દર્શન એક લ્હાવો છે. હીંચકા,ઉંચક-નીચક,બેલેન્સી ચાલ,લસરપટ્ટી જેવાં સાધનો ઉપર બાળકો ખૂબ મજા માણે છે. માર્ચ માસ દરમિયાન ૧૦૦૦ બાળકોએ કુદરતી વાતાવરણમાં રમી મોજ કરેલ.

સંચાલક : શ્રી અનિલભાઈ જોશી

## માંદગી સાધનસહાય:

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૩૦ દિવસ માટે નિયત ડિપોઝિટથી આપવામાં આવે છે. માર્ચ માસ દરમિયાન ઉપલબ્ધ સાધનોનો ૬૨ દર્દીઓએ લાભ લીધો હતો.

સંચાલક : શ્રી અનિલભાઈ જોશી



## સ્વ-રોજગાર:

સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંતર્ગત ૭ શ્રમિક બહેનો દ્વારા માર્ચ માસમાં કાપડની ૧૦૮૦ થેલી તૈયાર થતાં કુલ રૂ.૫૪૦૦/- ની રોજગારી મેળવેલ છે. પર્યાવરણ જાળવણી માટે પ્લાસ્ટિક વપરાશને ઘટાડવા માટેના સંસ્થાનાં પ્રયત્નોને ગતિ આપતા અત્યાર સુધીમાં ૧,૧૪,૧૪૨ કાપડની થેલીઓ જરૂરિયાતમંદ કુટુંબો સુધી પહોંચાડવામાં આવી છે.

સંચાલક : શ્રી ગુલાબબા ગોહિલ



## સંગીત વર્ગ:

માર્ચ માસ દરમિયાન સંસ્થા સંગીત વર્ગમાં ૩ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

સંચાલક : શ્રી દેવુભાઈ મહેતા

## મનોરંજન:

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ વિવિધ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦થી૭:૩૦ દરમિયાન મળી શકે છે. માર્ચ માસ દરમિયાન ૨ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

સંચાલક :શ્રી દીપાબહેન જોશી



## પ્રચાર-પ્રસાર

### રૂ.૨૫૦/-પંચવર્ષીય લવાજમ ભરી સભ્ય થનાર

માર્ચ માસમાં શ્રી શિરિષભાઈ જોશી (ભાવનગર),શ્રી રવિભાઈ પટેલ(ભાવનગર), શ્રી ભૂપતભાઈ મણીયાર(અમદાવાદ), પ્રવીણભાઈ પોંદા(ભાવનગર), શ્રી નલીનભાઈ પંડિત(ભાવનગર), શ્રી અશોકભાઈ પરમાર(મોરબી), શ્રી રોહિતભાઈ મહેતા(ચૈન્નઈ), શ્રી ભદ્રાબહેન વિક્રમભાઈ સવાઈ (અમદાવાદ), શ્રી વિણાબહેન નવલચંદ્ર ગાંધી(અમદાવાદ), શ્રી શૈલેષભાઈ હરસોરા(રાજકોટ). વાચકોને રૂ. ૨૫૦ આપી સંસ્થા સામયિકનાં સભ્ય બનવા અનુરોધ છે.

સંચાલક : શ્રી અનિલભાઈ બોરીચા

## અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર:

રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની માર્ચ માસમાં ૨૦૬ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૩ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

માર્ચ માસમાં સંસ્થાનાં ફેસબુકનાં followersની સંખ્યા ૫k અને ઈન્સ્ટાગ્રામનાં followersની સંખ્યા ૬૬૦ રહી હતી.

સંચાલક: શ્રી અનિલભાઈ બોરીચા

## દિવ્યજીવન:

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસના પ્રત્યેક શુક્રવારે સાંજે ૬:૦૦ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદકા-પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

સંચાલક : શ્રી ઈન્દાબહેન ભટ્ટ

**• સદ્ભાવભરી સ્વૈચ્છિક સહાય •**
**સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે**

## • સદ્ભાવભરી સ્વૈચ્છિક સહાયના દાતાશ્રીઓ •

| | | |
|---|---|---|
| 10,00,000.00 | શ્રી મહર્ષિભાઈ પદ્મકાંતભાઈ મહેતા | શૈક્ષણિક સહાય |
| 2,50,000.00 | શ્રી રમેશભાઈ એન. પંડયા | શૈક્ષણિક સહાય |
| 1,00,000.00 | શ્રી રાઘવજીભાઈ ઝવેરભાઈ પટેલ | આરોગ્ય સહાય |
| 50,000.00 | શ્રી આરતીબહેન પ્રણવભાઈ ગાંધી | સર્વાંગી સહાય |
| 50,000.00 | તાશકેન્ટ ઓઈલ કંપની પ્રા.લિ. | સર્વાંગી સહાય |
| 28,000.00 | શ્રી પ્રફુલ્લભાઈ લાલચંદ શાહ | શૈક્ષણિક સહાય |
| 25,000.00 | એગ્રોસેલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લિ. | કેલેન્ડર સહાય |
| 25,000.00 | ડૉ. રૂચિતાબહેન જે. શાહ | શૈક્ષણિક સહાય |
| 21,000.00 | શ્રી હેતલબહેન કુલીનભાઈ ત્રિવેદી | સર્વાંગી સહાય |
| 20,000.00 | શ્રી ભાવનાબહેન જાગ્રતભાઈ ભટ્ટ | નેત્રયજ્ઞ સહાય |
| 20,000.00 | શ્રી નવનીતભાઈ રાઠોડ | નેત્રયજ્ઞ સહાય |
| 19,000.00 | શ્રી ઈન્દાબહેન માનભાઈ ભટ્ટ | મહિલા ઉત્કર્ષ સહાય |
| 15,000.00 | શ્રી ભાવનાબહેન મહેશભાઈ શાહ | કન્યાકેળવણી સહાય |
| 15,000.00 | ધનંજય ટ્રસ્ટ | શૈક્ષણિક સહાય |
| 10,000.00 | સ્વાશ્રય ફાઉન્ડેશન | મહિલા ઉત્કર્ષ સહાય |
| 10,000.00 | શ્રી ધીરજલાલ વ્રજલાલ ચુડાસમા | શૈક્ષણિક સહાય |
| 5,000.00 | શ્રી મીનાક્ષીબહેન રોહિતભાઈ ભટ્ટ | સર્વાંગી સહાય |
| 5,000.00 | શ્રી સુધાબહેન કનુભાઈ શાહ | દ્રષ્ટિ ચકાસણી સહાય |
| 5,000.00 | શ્રી અપૂર્વભાઈ અરવિંદભાઈ પારેખ | કન્યાકેળવણી સહાય |
| 5,000.00 | શ્રી જીતેન્દ્રભાઈ કે. પટેલ | શૈક્ષણિક સહાય |
| 5,000.00 | સુધર્મા ટ્રસ્ટ | સર્વાંગી સહાય |

## બુધસભાઃ

• ૧૯૮૦થી અવિરત ચાલતી શિશુવિહાર બુધસભાની ૨૩૨૯મી બેઠક તારીખ ૫ માર્ચે ડૉ.માનસીબહેન ત્રિવેદીના સંચાલનમાં યોજાઈ. કવિતા આસ્વાદ શ્રેણી અંતર્ગત શ્રી ધ્યેય વ્યાસ દ્વારા કવિશ્રી સૌમ્ય જોશીની કવિતાનો આસ્વાદ આગવી શૈલીમાં કરાવ્યો. નવી પેઢીના કવિ તરીકે શ્રી ધ્યેયભાઈને ભાવકો અને કવિઓએ પણ વધાવ્યા હતા. ૨૫ કવિઓએ બેઠકમાં ઉપસ્થિતિ દાખવી. બુધસભાની બીજી બેઠકમાં કવિશ્રી દિલહર સંઘવીની ચૂંટેલી ગઝલોના પુસ્તક ‘‘ધન્ય છે તમને’’ નું વિમોચન કરવામાં આવ્યું. આ પ્રસંગે બુધસભાના કવિઓના કાવ્યપાઠ ઉપરાંત પુસ્તકના સંપાદક કવિશ્રી ભરત વિઝુંડા દ્વારા કાવ્યપાઠ થયું. આ પ્રસંગે પ્રા.ડૉ. કેસર



## બુધસભા સ્મૃતિઃ વર્ષ ૧૯૮૮, સૌજન્ય ધિરેન પંડયા



કવિશ્રી નાથાલાલ દવે



શ્રી વિનોદભાઈ જોશી, ડોલરભાઈ વસાવડા



બુધસભા પરીવાર



શ્રી રતુભાઈ દેસાઈ, ઈશ્વરભાઈ દવે

મકવાણાએ શ્રી દિલહર સંઘવીના કાર્યો વિશે વકતવ્ય આપ્યું. કવિ દિલહર સંઘવીના પત્ની અને કુટુંબીજનો પણ સહભાગી થયા હતા. કાર્યક્રમમાં ૫૦ જેટલાં કવિઓ અને ભાવકો ઉપસ્થિત રહયાં. કાર્યક્રમનું સંચાલન શ્રી પરેશભાઈ ત્રિવેદીએ કર્યુ હતું. માર્ચ માસની ત્રીજી બેઠક શ્રી દીપિકા યાદવના સંચાલનમાં મળી. જેમાં સર્જનની પૂર્વ ક્ષણોમાં.. સર્જક સાથે સંવાદ શ્રેણી અંતર્ગત સુશ્રી જયશ્રીબા ગોહિલ સાથે એમનાં સર્જનથી સર્જક સુધીની યાત્રા વિશે પ્રેરણાદાયી વાતો થઈ બુધસભામાં ૩૫ સાહિત્યરસિકો ઉપસ્થિત રહયાં હતાં. માસની ચોથી બેઠક શ્રી ચેતના ગોહેલનાં સંચાલન હેઠળ યોજાઈ. કવિ વિશેષ ઉપક્રમ તળે ગુજરાતના મૂર્ધન્ય કવિ અમર પાલનપુરીના જીવન અને કવનની પ્રશાંતભાઈ સોમાણીએ સફર કરાવી. બુધસભામાં આશરે ૩૦ જેટલાં સાહિત્યપ્રેમીઓ હાજર રહયાં. આમ માર્ચ માસ દરમ્યાનની ચારે બેઠકમાં કુલ ૧૪૦ સાહિત્યપ્રેમી ઉપસ્થિત રહયાં હતા.

સંચાલક : શ્રી દીપાબહેન જોશી

## શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિ

• સંજય દવે તથા હરેશ ઠાકરના સંકલન તળે તા. ૨ માર્ચે સંસ્થા રંગમંચ પર પ્યાર કે તરાને જૂનાં હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં ૨૦૦થી વધુ સંગીતપ્રેમીઓએ ફિલ્મી ગીતોનો આનંદ માણ્યો હતો.

• શ્રી સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગીયારસે બ્રાહ્મણ જ્ઞાતિ ભાવનગરના મેડીકલ એન્જીનીયરીંગ, ફાર્મસી, સાયન્સ, આર્ટસ તથા કોમર્સ વિષયમાં સ્નાતક તથા અનુસ્નાતકમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૨૪-૨૫ની શિષ્યવૃત્તિ આપવાનો તથા જ્ઞાતિની વિશિષ્ટ પ્રતિભાઓને પુરસ્કૃત કરવાનો સન્માન સમારોહ તા.૦૨ ને રવિવારના રોજ સાંજે શિશુવિહારમાં યોજાયો. શ્રી કમલેશભાઈ હર્ષદભાઈ ભટ્ટના અતિથિ વિશેષ પદે તથા જ્ઞાતિના મહાનુભાવોની હાજરીમાં યોજાએલ સમારોહમાં શિશુવિહાર સંસ્થાના પ્રમુખશ્રી રાજુભાઈ દવેએ વિવિધ ક્ષેત્રોમાં પોતાનું તથા સમાજનું નામ રોશન કરતા ૧૨૭ વિદ્યાર્થીઓને પ્રેરણા પુરી પાડી હતી.

• તારીખ ૮ માર્ચે વિશ્વ મહિલા દિવસ પ્રસંગે શિશુવિહાર પરીસરમાં તમે તમારા ડૉક્ટર બનો શીર્ષક તળે પ્રાકૃતિક ચિકિત્સા દ્વારા સાધ્ય અસાધ્ય રોગોનું નિવારણ તેમજ આપણા શરીરની તંદુરસ્તી કેવી રીતે જાળવવી તે અંગે રસપ્રદ સેમીનાર યોજવામાં આવ્યો. ડૉ.મિલનભાઈ દવે, ડૉ.વિણાબહેન ગોહિલ, ડૉ.નિશાબહેન જોશી, ડૉ.નીલમબહેન માંડલિયાએ ઉપસ્થિત બહેનોને સૂર્ય-ચંદ્ર નમસ્કાર અને યોગાસનો સાથેની કૃતિઓ દર્શાવી માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે બહેનો દ્વારા તૈયાર થએલ સામગ્રીનું ૪૦ સ્ટોલ સાથે પ્રદર્શન અને વેચાણ યોજવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમમાં ૪૦૦થી વધુ બહેનો સહભાગી થયા હતા.

• નવરંગ કલાગૃપ આયોજીત શ્રી નવિન નાવડીયાના સંકલન સાથે તા.૯ માર્ચે સંસ્થા રંગમંચ પર જૂનાં હિન્દી ફીલ્મી ગીતોનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમને માણવા ૨૦૦થી વધુ સંગીત પ્રેમીઓ ઉપસ્થિત રહયાં હતા.

• શિક્ષણમાં ૩૬૦ ડીગ્રી મૂલ્યાંકનનાં અમલીકરણને વિચારવા શિક્ષણ ચિંતકોની એક બેઠક તા. ૧૨ માર્ચે સંસ્થા પરીસરમાં મળી. ડૉ.અરૂણભાઈ દવે, ડૉ.નલિનભાઈ પંડીત અને ૩૦ થી વધુ તજજ્ઞોની ઉપસ્થિતિમાં યોજાએલ બેઠકમાં પ્રાથમિક શિક્ષણમાં અપનાવેલ એકમ કસોટીમાં ફેરફાર અંગે પણ સઘન વિચારણા થઈ હતી.

• શ્રી પ્રમોદભાઈ વોરાના સંકલનમાં ૧૧૦મો સાયકલ વિતરણ તા.૧૬ માર્ચે સંસ્થાના બુધસભા હોલમાં શ્રી કુલદિપસિંહ ગોહિલ, ડૉ.ચિન્મય શાહ, તથા વિજયભાઈ આલતોગરના વરદ હસ્તે યોજાયો. જેમાં ૨૫ ગરીબ વિદ્યાર્થીઓને સાયકલ આપવામાં આવી હતી.

• શ્રી પ્રશાંતભાઈ ભટ્ટનાં સંકલનથી સૂર-સંગમ સંસ્થાનો ૯૨મો જૂનાં હિન્દી ફિલ્મીગીતોનો કાર્યક્રમ તા.૧૬ માર્ચે સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. આ કાર્યક્રમને માણવા ૩૦૦થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહયાં હતા.

• શ્રી કેતનભાઈ આવસત્થીના પરિકલ્પનાથી નટરાજ કલા સંસ્થાનો ૧૬૮મો જૂનાં હિન્દી ફીલ્મી ગીતોનો કાર્યક્રમ તા.૨૩ માર્ચે સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. આ કાર્યક્રમને માણવા ૪૦૦થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહયાં હતા.

• શ્રી બિલ્કીસ આપાના સંકલનમાં ખત્મ એ કુર્આન દુઆનો કાર્યક્રમ સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. ૧૫૦થી વધુ બહેનોએ ભાગ લીધો હતો.

• ગુજરાત સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર તથા જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ભાવનગર દ્વારા જીલ્લા કક્ષા યુથ પાર્લામેન્ટ ૨૭ માર્ચે યોજાઈ ગયું. જેમાં વિકસિત ભારત માટે માર્ગ વિષય પર ૧૦૭ વિદ્યાર્થીઓએ વકતવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમનું સંકલન રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના આયોજક શ્રી વિક્રમસિંહ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

• શ્રી નવનિધિ દિવ્યાંગ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આંતર રાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીમાં દિવ્યાંગ બાળકો તથા બહેનો દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ તા. ૨૯ માર્ચે સંસ્થા રંગમંચ પર રજુ થયો તેમજ વિશિષ્ટ પ્રતિભા સંપન્ન બહેનોનું અભિવાદન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ૧૫૦થી વધુ બહેનોએ ભાગ લીધો. કાર્યક્રમનું આયોજન શ્રી ગીતાબહેન અગ્રાવત દ્વારા કરવામાં આવ્યું હતું.

• શ્રી વિક્રમભાઈ બોરીચા તથા નરેશભાઈ રાઠોડના સંકલન હેઠળ સંગ દિલ સે જૂનાં હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ તા.૩૦ માર્ચે સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. આ જુના હિન્દી ફિલ્મી ગીતોને માણવા ૩૦૦થી વધુ સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહયાં હતા.

• શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિ અંતર્ગત નિરમા લિમિટેડનાં સૌજન્યથી વર્ષ ૨૦૨૪માં ભાલ વિસ્તારના ૧૨ ગામો માટે આરોગ્ય શિબિર યોજાએલ. જેમાં ૩૦૦૩ દર્દીનારાયણોની આરોગ્ય તપાસ, ચશ્મા વિતરણ તથા શાળાના બાળકોની લોહીમાં હિમોગ્લોબીન તપાસ કરી દવા આપવામાં આવેલ. શિશુવિહાર બાળ પુસ્તકાલય દ્વારા શાળાને ૧૨ બાળ પુસ્તકાલય તથા બાલ આરોગ્ય સૂત્ર પત્રિકા ભેટ આપેલ. નિરમા લિમિટેડનાં સૌજન્યથી વર્ષ ૨૦૨૫માં યોજાનાર આરોગ્ય શિબિરનાં આયોજન માટે ખાસ શાળા આચાર્યો સાથેની બેઠક તા.૨૯ માર્ચ શનિવારના રોજ યોજાઈ.



આ પ્રસંગે એગ્રોસેલ ઈન્ડસ્ટ્રીના એચ.આર.શ્રી મયૂરભાઈ ભટ્ટી, સંસ્થાના પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ દવે, ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી તથા ડૉ.અભિલાષાબહેન સોનપાલનાં વરદ હસ્તે શિક્ષકોનું અદભિવાદન કરવામાં આવ્યું હતું. સાથોસાથ સંસ્થાના મંત્રી શ્રી ડૉ.નાનકભાઈ ભટ્ટે શાળાનાં નવાં સત્રના પ્રારંભે વિદ્યાર્થીઓને જીવન કૌશલ્ય તાલીમ માટે શિશુવિહારની બસમાં પ્રવાસ લાવવા માટે આયોજન કરેલ. કાર્યક્રમના અંતે સંસ્થાના કોર્ડીનેટર શ્રી હિનાબહેન ભટ્ટે સહુનો આભાર વ્યક્ત કરી સહુ ભોજન લઈ છૂટા પડેલ.

## આર્થિક યોગદાન માટે વિનંતી

**શિક્ષકોનાં સામાજિક ઉત્તરદાયિત્વ કાર્યક્રમ અંગે શિશુવિહાર સંસ્થા દ્વારા પ્રાથમિક શાળામાં ભણતાં બાળકોને સ્કૂલ કીટ વિતરણ સહકાર માટે વિનંતી- પ્રવૃત્તિ સાતત્ય વર્ષ: ૧૫**

| | | | |
|---|---|---|---|
| કંપાસ સેટ- ૧ | ૪૨×૧૪૦૦/- | = | ૫૮,૮૦૦/- |
| નોટબુક સેટ-૫ | ૧૩×૭૦૦૦/- | = | ૯૧,૦૦૦/- |
| સ્કૂલ બેગ- ૧ | ૨૧૦×૧૪૦૦/- | = | ૨,૯૪,૦૦૦/- |
| વોટર બોટલ- ૧ | ૨૦×૧૪૦૦/- | = | ૨૮,૦૦૦/- |
| સ્કૂલ શૂઝ(પેર) | ૧૨૫×૧૪૦૦/- | = | ૧,૭૫,૦૦૦/- |
| | કુલ ખર્ચ | | ૬,૪૬,૮૦૦/- |

પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા અને માતા અથવા પિતાની ખોટ ધરાવતાં ૧૪૦૦ ગરીબ વિદ્યાર્થીઓને શિશુવિહાર પ્રતિ વર્ષ સ્કૂલ કીટ પહોંચાડે છે. આ માટેનો કુલ ખર્ચ ૬,૪૬,૮૦૦/- થતો હોય છે. વર્ષ ૨૦૧૦થી પ્રારંભાયેલ શિશુવિહાર સંસ્થાની સેવાકીય શૈક્ષણિક પ્રવૃત્તિને લક્ષમાં લઈ આપ કોઈ એકાદ વસ્તુની સહાય આપી શકો તો આભારી થઈશું.

ડૉ.નાનકભાઈ ભટ્ટ-મંત્રી
મો.૯૮૯૮૪૬૩૪૮૯



## શુભેચ્છકો લખે છે

- **શ્રી પ્રીતિબહેન ભટ્ટ (બાલમંદિર વિભાગ- શિશુવિહાર)**

વડીલ વંદના કાર્યક્રમ જાણે કોઈ પ્રસંગ હોય, વડીલો પ્રસંગની શોભા બને છે. બધાં જ કાર્યકરો પ્રેમપૂર્વક પોતપોતાની રીતે વડીલોની સેવામાં જોવા મળે છે. આજે આપણે આપણા રોજિંદા જીવનમાં જે ગતિએ દોડીએ છીએ તેમાં આ પ્રસંગ આપણને પોતાનાં માતા-પિતા અને દાદા-દાદી પ્રત્યે મૂલ્યો આદર, અને કૃતજ્ઞના દર્શાવવાની તક આપે છે.

- **શ્રી ધર્મેશભાઈ વડોદરીયા (અકાઉન્ટ વિભાગ- શિશુવિહાર)**

સંસ્થા પ્રાંગણમાં યોજાએલ ૩૩ માં વડીલ વંદના કાર્યક્રમમાં આવેલ દરેક વૃદ્ધોની આંખમાં કંઈક અલગ જ આનંદ જોવા મળેલ. ખરેખર અવિસ્મરણીય દ્રશ્ય હતું. શિશુવિહાર સંસ્થામાં કાર્યકર તરીકે જોડાયો તે મારું સદ્‌ભાગ્ય છે. પવિત્ર યજ્ઞમાં સેવા કરવાનો લાભ મળ્યો તે બદલ મારી જાતે ભાગ્યશાળી જાણું છું.

- **શ્રી હિમેશભાઈ ત્રિવેદી (ભાવનગર)**

શિશુવિહારની ઉજ્જ્વળ પરંપરા દાદ માગે છે. શિશુવિહારએ જ્ઞાન અને સેવાનું તીર્થ છે. તેના પરિસરમાં મંદિરની શાંતિ મળે છે.

- **શ્રી યશવંતભાઈ પડિયા (શિહોર)**

શિશુવિહારમાં વર્ષ ૧૯૮૦ થી ચાલતી બુધસભા અનુકરણીય છે. ભાવનગરનો કલા અને સાહિત્યનો વારસો જીવંત રાખ્યો છે. આ તબક્કે મારું વિનમ્ર સૂચન છે કે રાજ્યના દિવંગત કવિઓને લઈ એક પુસ્તિકા કરવામાં આવે. મારો સહયોગ રહેશે.

- **શ્રી ભાસ્કરભાઈ ભટ્ટ (ભાવનગર)**

શિશુવિહાર કોઈ સેવાકીય સંસ્થાની હરીફ નથી. ઉલટું શિશુવિહાર સેવાકીય સંસ્થાઓનો ઉત્સાહ વધારવાનું કાર્ય કરે છે. પુ.મોરારિબાપુ હસ્તે જો તમારે પણ સન્માન મેળવવું હોય તો તમે પણ તમારા સેવા ફલકની ગુણવત્તા વિસ્તારે તેમ કરો. ટુંકમાં કહીએ તો ૩૪માં માનભાઈ સ્મારક નાગરિક સન્માન કાર્યક્રમ બેશક ગુજરાતના દરેક સેવાભાવીઓને જોમ ચડાવી દે તેવો હતો. બેન્કોની બેન્ક જેમ રીઝર્વ બેન્ક હોય છે તેમ સેવાકીય સંસ્થા માટે શિશુવિહારનું સ્થાન આદર્શ બની રહ્યું છે, તેમ માનવામાં અતિશયોક્તિ નથી.

- **અપૂર્વભાઈ ત્રિવેદી (ભાવનગર)**

શ્રી શિશુવિહાર સંસ્થા દ્વારા ચાલતી અનેકવિધ પ્રવૃત્તિ પ્રશંસાપાત્ર છે. ખાસ કરીને મેડીકલ સાધન સહાયની પ્રવૃત્તિ અનુકરણીય બને છે.

ભાવનગરનાં આંગણે વટવૃક્ષ સમાન સંસ્થા ભવિષ્યમાં ખૂબ જ ઉંચા શિખર સર કરે તેવી શુભેચ્છા.

• **શ્રી મયૂરભાઈ શ્રીધરાણી (મુંબઈ)**

નમસ્કાર. શિશુવિહાર નિયમિત રીતે મળે છે. વિવિધ ક્ષેત્રે સેવારત અને સમર્પિત મહાનુભાવોને બાપુનાં હસ્તે સન્માનિત કરવામાં આવ્યા. જાણીને આનંદ થયો. ૩૩ વર્ષથી ચાલતી પ્રવૃત્તિ દ્વારા સમાજમાં માનવીય મૂલ્યોનું નિરૂપણ કર્યુ છે.

## શિશુવિહારનાં સેવા કર્મી (૪) ડૉ.નિર્મળભાઈ વકીલ



૧૯૩૨ - ૨૦૨૧

એક વિશાળ વડની વડવાઈ જ્યાં જમીનને સ્પર્શે ત્યાં એમાંથી એક નવો વડ ઊગી નીકળે છે. શિશુવિહારનાં આદ્ય સ્થાપક શ્રી માનભાઈને પણ શિશુવિહારના વડલાની ઉપમા અપાય છે, તે એટલે સાર્થક બને કે છે કે પૂજ્ય માનભાઈની સેવાની લગની જે જે હૃદયને સ્પર્શી તેઓના જીવન પણ સમાજોપયોગી કાર્યોમાં જ સમર્પિત થઈ ગયા. ડૉ. નિર્મળભાઈ! માનભાઈ રૂપી વડલાની સમાજોપયોગી કાર્યોમાં જ વ્યતીત થતું આવ્યું છે.

'મંગલ'ના હુલામણાં નામને સાર્થક કરતા શ્રી નિર્મળભાઈ વકીલનો જન્મ ગામ ઘોઘાના જૈન પરિવારમાં થયો હતો. દાદાજી દેરાસરના ટ્રસ્ટી. પિતાજી એ સમયમાં અંગ્રેજી રાજ્યમાં વકીલાતનું ભણી વકીલ બન્યા. જીવનપર્યંત પ્રામાણિકતાથી વકીલાત કરી. જરૂરિયાતમંદોના કેસો વગર ફી એ લડી ન્યાય અપાવતા રહયાં. દેરાસરમાંજ ઘર હોવા છતાં નિર્મળભાઈના પિતાજી એ જમાનામાં પણ ધાર્મિક અંધશ્રદ્ધા તથા કટ્ટરતાના વિરોધી હતા. ધર્મમાં પેસેલા દૂષણો ઉપર લેખો લખતા તથા એ રીતે સમાજમાં જાગૃતિ લાવવા પ્રયત્ન કરતા. આવા પારિવારિક વાતાવરણે જ કદાચ નિર્મળભાઈને પૂજ્ય માનભાઈના સુધારવાદી વિચારો અને કાર્યો તરફ લોહચુંબક માફક આકર્ષ્યા હશે.

ભણતરનું અદકેરૂ મહત્વ ધરાવતા નિર્મળભાઈએ ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાંથી અભ્યાસ કરી ૧૯૫૨માં મુંબઈથી બી.ડી.એસ.ની



ડીગ્રી મેળવી. સમગ્ર ભાવનગર જિલ્લાનાં તેઓ સૌ પ્રથમ ક્વોલિફાઈડ ડેન્ટિસ્ટ ડૉક્ટર બન્યાં અને દિવાનપરામાં તેમણે પોતાનું દવાખાનું શરૂ કર્યુ.

ડેન્ટિસ્ટ તરીકે નિર્મળભાઈએ અનેક મેડિકલ કેમ્પસમાં સેવાઓ આપી. ૧૯૫૯ થી ૧૯૯૪ સુધી ભાવનગરની સિવિલ હોસ્પિટલમાં અને ૧૯૬૦થી ૧૯૮૪ સુધી વેસ્ટર્ન રેલ્વે હૉસ્પિટલમાં માનદસેવાઓ આપી. એક્સેલ ઈન્ડસ્ટ્રિઝમાં ૧૯૭૩ થી ૨૦૦૧ સુધી, સ્ટેટ ઈન્સ્યોરન્સ સ્કીમ ગુજરાત રાજ્યમાં ૧૯૯૬ સુધી તથા ગુજરાત ડેન્ટલ કાઉન્સિલના મેમ્બર તરીકે ૧૦ વર્ષ સુધી સભ્ય રહી પોતાની સેવાઓ આપી. ડૉ. નિર્મળભાઈએ તો પોતાની કારકિર્દી દરમિયાન ગરીબ, જરૂરિયાતમંદ દરદીઓની નિ:શુલ્ક સેવા-સહાય કરી છે. સામાજિક કાર્યકર કે કોઈપણ ધર્મનાં ધર્મગુરુની ફી એમણે ન લીધી. પૂજ્ય માનભાઈના અનુયાયી તરીકે એમણે શિશુવિહાર પરિસરમાં ૧૨ વર્ષ સુધી રોજ બે કલાક ડેન્ટિસ્ટ તરીકે માનદ સેવા આપી. દેશનો પ્રાણપ્રશ્ન વસ્તી વધારો રહ્યો છે. સુધારાવાદી માનસ ધરાવતા નિર્મળભાઈએ મિત્રો સાથે મળીને ૧૯૬૫માં ફેમિલી પ્લાનિંગ એસોસિએશનની સ્થાપના કરી અને ૧૯૮૫ સુધી પ્રમુખ તરીકે સફળતાપૂર્વક સુકાન સંભાળ્યું.

બહેનોને ફેમિલી પ્લાનિંગ ઑપરેશનમાં શારીરિક પીડા તથા તેમની ઘર-સામાજિક જવાબદારીઓને લક્ષમાં લઈ એમણે પુરુષ નસબંધી પર વિશેષ ભાર મૂક્યો. એમના વડપણ નીચે અગણિત નસબંધી ઑપરેશન થયાં અને ફેમિલી પ્લાનિંગ વિશે સમજણ તથા જાગૃતિ આપતા અનેક કાર્યક્રમો યોજાયા. આ પ્રવૃત્તિનો વ્યાપ એટલો વિસ્તર્યો કે ભાવનગર ખાતે એના ત્રણ કેન્દ્રો તથા પાલીતાણા ખાતે એક કેન્દ્ર શરૂ કરવામાં આવ્યાં. એક સારા ડેન્ટિસ્ટ અને કાર્યકર તરીકેની નિર્મળભાઈની સુવાસ બહુ જલ્દી ફેલાવા લાગેલી. એ દરમિયાન પૂજ્ય માનભાઈ પણ દાંતની સારવાર માટે એમની પાસે જતા. સરખા સ્વભાવ અને નૈતિકમૂલ્યો ધરાવતા બંનેનો પરિચય વધતો ચાલ્યો જે આજીવન ગુરુ-શિષ્ય કે પિતા-પુત્ર જેવા ઘનિષ્ઠ સંબંધમાં પલટાયો.

પોતાના સર્વે સામાજિક કાર્યો માટે પૂજ્ય માનભાઈને યશ આપતા ડૉ. નિર્મળભાઈ કહે છે કે 'હું જે કઈપણ છું એ પૂજ્ય માનભાઈ અમે શિશુવિહારની પ્રેરણાથીજ છું.' સમાજના પ્રશ્નો પરત્વે જાગૃત અને ચિંતનશીલ ઉત્તમ વાચક ડૉ. નિર્મળભાઈને પૂજ્ય માનભાઈ સાથે રહી નવી દ્રષ્ટિ અને દિશા વિકસાવી. ડૉ. નિર્મળભાઈ અને મિત્રોએ ૧૯૬૨-૬૩નાં ચીન સાથેનાં યુદ્ધ સમયે, સરહદે સૈનિકોની જરૂરિયાતને લક્ષમાં લઈ પ્રથમ

રક્તદાન શિબિરનું આયોજન કર્યુ, જેને અદ્‌ભૂત પ્રતિસાદ મળ્યો. સાથે જ નિર્મળભાઈ શિશુવિહારની રક્તદાન પ્રવૃત્તિ સાથે આજીવન જોડાઈ ગયા.

૧૯૬૪-૬૫માં ભાવનગર ખાતે નિષ્ક્રિય એવી રેડક્રોસ સોસાયટીને માનભાઈના માર્ગદર્શન હેઠળ પુન:જીવિત કરી. શિશુવિહારની મદદથી રેડક્રોસ માટે જમીન મકાન પછી સંસ્થાગત માળખું ઊભુ કર્યુ. ૧૯૬૪થી ૧૯૮૦ સુધી નિર્મળભાઈ, ડૉ.એમ.જી.દેસાઈએ અને મિત્રોએ રેડક્રોસના નેજા હેઠળ અનેક પ્રવૃત્તિઓ કરી. માતૃત્વ અને બાળકેન્દ્ર તથા ડિસ્પેન્સરી કેન્દ્રો શરું કર્યા. શિશુવિહારથી શરું થએલ રક્તદાન, દેહદાન અને ચક્ષુદાનની પ્રવૃત્તિઓમાં તમામ રીતે સક્રિય સહભાગી રહ્યા. આજે આપણે જાણીએ છીએ તેમ દેહદાનની પ્રવૃત્તિમાં ભાવનગર રાજ્યભરમાં પ્રથમ નંબરે આવે છે. તેના પાયામાં ડૉ.નિર્મળભાઈનું યોગદાન મહત્વનું છે. ૧૯૬૪થી ૧૯૮૦ સુધી નિર્મળભાઈએ રેડક્રોસના માનદ મંત્રી તરીકે સેવા આપી. રસીકરણ, નિદાનકેમ્પો, શાળામાં જૂનિઅર રેડક્રોસ પ્રવૃત્તિઓ, કુદરત અને માનવસર્જિત આપત્તિઓ સમયે સહાય, જરૂરિયાતમંદ લોકોને સહાય, કપડાં વિતરણ જેવી અનેક પ્રવૃત્તિઓ ડૉ. નિર્મળભાઈએ રેડક્રોસના નેજા હેઠળ યોજી.

દાઝીને આવતા દર્દીઓ માટે કોઈ અલગ વ્યવસ્થાના અભાવે ભાવનગરની સીવીલ હૉસ્પિટલમાં દરદીઓ હેરાન થતાં. એમની પીડા અને તકલીફ જોઈ તેનાં નિરાકરણાર્થે શિશુવિહારનાં નેજા હેઠળ ૧૯૭૦માં સર ટી. હૉસ્પિટલ ખાતે બર્ન્સવોર્ડ શરુ કરાવ્યો. પૂજ્ય માનભાઈની દીર્ઘદૃષ્ટિ અને દાઝેલા પીડિતોની પીડા માટેની સમજણ અને સહાનુભૂતિને લીધે એ જમાનામાં સંપૂર્ણ એરકંડીશન વોર્ડ શરૂ કરાવેલો. એ સમયે તો આ તદ્દન નવો અભિગમ હતો. વર્ષ ૨૦૦૫માં નિર્મળભાઈએ એને ફરી અપડેટ કરાવ્યો.

૧૯૮૦થી ડૉ. નિર્મળભાઈ શિશુવિહાર સંસ્થામાં પૂર્ણ સક્રિય થયા. શિશુવિહારમાં ચાલતા નેત્રયજ્ઞો, તે સમયે શિશુવિહાર પ્રાંગણમાં જ ઑપરેશનથી માંડીને દર્દીની સંપૂર્ણ સારવાર કરવામાં આવતી. હૉસ્પિટલની જેમ જ ખાટલાઓની વ્યવસ્થા પણ હંગામી ધોરણે કરવામાં આવતી. તેમાં નિર્મળભાઈએ માનભાઈ સાથે ખભેખભા મીલાવી કામ કર્યુ છે. ડૉ. નિર્મળભાઈનાં પ્રમુખપણાં નીચે શિશુવિહારનાં આંગણે ૪૫૯ નેત્રયજ્ઞો દ્વારા ૧૯૦૦૦થી વધુ ગરીબોને કેટ્રેક્ટ સર્જરીની વિનામૂલ્યે સર્જરીનો લાભ મળી શક્યો છે. જે ગુજરાતમાં અજોડ ઘટના રહી છે.

૧૯૯૨માં ફરી રેડક્રોસનું સુકાન નિર્મળભાઈ અને મિત્રોએ સંભાળ્યું.



૨૦૧૦ સુધી માનદમંત્રી તરીકે અને ૨૦૧૦ થી ૨૦૧૯ સુધી ઉપપ્રમુખ તરીકે ઉત્કૃષ્ટ સેવા આપી. ૧૯૬૮ થી ૧૯૮૭ સુધી શિશુવિહારના કાર્યકારી સભ્ય તરીકે કાર્યરત નિર્મળભાઈના નિષ્ઠા, સેવાપરાયણતા, કુશળતા મૃદુ અને મિતભાષી સ્વભાવથી પ્રભાવિત થઇ પૂજ્ય માનભાઈએ ૧૯૮૭માં શિશુવિહારના પ્રમુખ તરીકેની જવાબદારી સોંપી જે આજીવન કુશળતાથી નિભાવી પૂજ્ય માનભાઈ અને ટીમ સાથે બાળકોને લગતી વિવિધ પ્રવૃત્તિઓ, ક્રીડાંગણ વિકાસ, આરોગ્ય આંગણવાડીના બાળકો માટે રસીકરણ, હીમોગ્લોબિન તપાસ વિનામૂલ્યે ચશ્માં વિતરણ, હસ્તકલા, સીવણ જેવી શિશુવિહારની ૪૨ જેટલી પ્રવૃત્તિઓને ધબકતી રાખવામાં નિર્મળભાઈનો ફાળો બહુમૂલ્ય રહયો છે.

પોતાના નામ જેવું જ નિર્મળ, સાદગીભર્યુ વ્યકતિત્વ ધરાવતા નિર્મળભાઈ પૂજ્ય માનભાઈને પિતાતુલ્ય માનતા તથા પોતાના કાર્યોનો શ્રેય એમને આપતા. દિવસો સુધી મેડિકલ કેમ્પોમાં અને કલાકો સુધી સામાજિક પ્રવૃત્તિઓ વ્યસ્ત રહેતા ડૉ. નિર્મળભાઈ, સેવાલક્ષી સામાજિક પ્રવૃત્તિ કરવા દેવા અને ઘરની જવાબદારીમાંથી મુક્ત રાખનાર તથા સંપૂર્ણ સાથ સહકાર આપનાર પત્ની શ્રી મંજુલાબહેનના અમૂલ્ય ત્યાગની કબૂલાત કરે છે. મંજુલાબહેનના સાથ સહકાર વિના આટલી યાત્રા શકય ન હતી તેમ તેઓ નિખાલસપણે કબૂલે છે.

સંપૂર્ણ રેશનાલિસ્ટ હોવા છતાં નિર્મળભાઈએ ઘરના સભ્યોની ધાર્મિક બાબતો કે વિચારોમાં કોઈ રોકટોક કરી નહી. એક સ્વસ્થ મોભીની ગરિમા જાળવી. માનભાઈની સાદગી જીવનમાં ઉતારી શકનાર નિર્મળભાઈએ પોતાના બંને સંતાનોનાં લગ્ન સપૂર્ણ સાદગીથી કર્યા. બહુ જ ઓછા લોકો જેવા હોય છે, એવા જ દેખાય છે. ડૉ. નિર્મળભાઈ બહુ જ ઓછા લોકોમાંના એક હતા. ઑલ ઈન્ડિયા મેડિકલ ઍસોસિએશનનાં લાઈફ ટાઈમ એચિવમેન્ટ ઍવોર્ડ-(વર્ષ ૨૦૧૮)થી સન્માનિત ડૉ. નિર્મળભાઈ વકીલની સેવા શિશુવિહાર ભાવનગર માટે સદૈવ પ્રેરણાદાયી રહેશે.

બીજાઓના ખપમાં આવી રાજી રહેનાર અને ઘસાઈને ઉજળાં થનાર ડૉ. નિર્મળભાઈએ પિતાશ્રીની સ્મૃતિમાં ૧૯૯૨માં શિશુવિહાર પ્રાંગણમાં વડીલ વંદનાનો અભિગમ વિકસાવી સમાજને નવી દિશા આપી છે અને છેવટે પોતાનો નશ્વર દેહને મેડિકલ કૉલેજના વિદ્યાર્થીઓનાં સંશોધન માટે ધરી દઈ નિજાનંદે જગતનો અલવિદા કહેનાર ડૉ.નિર્મળભાઈ વકીલ શિશુવિહાર સંસ્થાના આજીવન પ્રમુખ તરીકે ચિરંજીવી યોગદાન આપનાર રહયાં છે.

# શિશુવિહાર પ્રકાશિત પ્રાપ્ય પુસ્તકોનું સૂચિપત્ર

**પુસ્તક ₹ કિંમત**

૧. તંદુરસ્તી તમારા હાથમાં (ગુજરાતી-હીન્દી).૧૫=00
૨. બાલમંદિરમાં ગવાતાં ૧૦૧ ગીતો .....૧૫=00
૩. પુરૂષાર્થ પાઠાવલી....................૧0=00
૪. મા તે મા ..............................૧0=00
૫. સીવણ સમજૂતી.......................૪=00
૬. વસીયતનામાની અગત્યતા..........૧૫=00
૭. વીજળી અને વપરાશ.................૧0=00
૮. પુત્રીજન્મ શુભેચ્છાકાર્ડ.................૫=00
૯. ડાયાબિટીસ - મધુપ્રમેહ..............૧૫=00
૧૦. ચાલો ગાઈએ.........................૧0=00
૧૧. શિશુવિહારના વડલાની વાતો.........૧૫=00
૧૨. હાથે લોઢું હૈયે મીણ
(પૂ.માનભાઈનું જીવન ચરિત્ર)........૫0=00
૧૩. બાલ આરાધના સુખ એટલે
દિલોજાન દોસ્ત.......................૧૨=00
૧૪. શિક્ષણ,પરિસ્થિતિ અને ઉપચાર......૨0=00
૧૫. વ્યવહારૂ સૂચન (૯૯ સૂચન)..........૧0=00
૧૬. 'શિશુવિહાર' સંસ્કાર ધામ............૧0=00
૧૭. ચૂંટેલી બાળવાર્તાઓ.........,......૧0=00
૧૮. ડિઝાસ્ટર મૅનેજમેન્ટ..................૨૫=00
૧૯. શતાબ્દી પુસ્તિકાનો સેટ(૧0 બુક)...૨0=00
૨૦. સૌનાં ભાઈ માનભાઈ.................૫0=00

**પુસ્તક ₹ કિંમત**

૨૧.ડિપ્રેશનને જાણો.......................૧૫=૦૦
૨૨. બાલ આરોગ્યસૂત્રો.....................૨=0
૨૩. શિશુવિહાર સંકલ્પ યાત્રા..............૨૫=00
૨૪. માનવજીવન અને પ્રાકૃતિક
સારવાર તથા માટીના ઉપચારો........૧0=00
૨૫. લક્ષ્મણ જેવો ભાઈ.....................૧૫=00
૨૬. આયુર્વેદનું અધ્યાત્મ..................૧૫=00
૨૭. બાબુનું બાળપણ.......................૨૫=00
૨૮. અધિકૃત ભાવોદ્ગાર..................૨૫=00
૨૯. ગુજરાતમાં બુનિયાદી શિક્ષણની સદી
સંદર્ભ બદલાવ, દશા અને દિશા.......૨0=00
30. જાહ્નવી (કાવ્ય સંગ્રહ)...............૩૫=00
૩૧. નિરક્ષીર (કાવ્ય સંગ્રહ)...............૫0=00
૩૨. આંખની સંભાળ.......................૧0=00
૩૩. પ્રવૃત્તિ શિક્ષણ........................30=00
૩૪. અધ્યાત્મ અને વૃદ્ધાવસ્થા............૪0=00
૩૫. શુભેચ્છકો લખે છે.....................૨૫=00
૩૬. ચિદાનંદ...............................૧૫=00
૩૭. સૌની સેવામાં માનભાઈ.............૧00=00
૩૮. વૃક્ષનાં પાનાની રંગોળીનું કેલેન્ડર...૧00=00
૩૯. આકાશદર્શન.........................૨0=00

૪૦.બાળ ચિત્રોનું કેલેન્ડરઃ વર્ષ ૨૦૨૫......રૂા.૧૦૦=૦૦

૪૧.અમૃત મહોત્સવ વિચારયાત્રા પુસ્તક સંપુટ નંગઃ ૭

**કિંમત રૂા. ૫૦૦/-**

૧. શબ્દામૃત
૨. બાલોપનિષદ્
૩. શિક્ષણ- દશા અને દિશા
૪. માણસાઈની પગદંડી
૫. રાષ્ટ્રવિકાસની દીવાદાંડી
૬. બાલ-ગીતા ભાગ-૧/૨

REGN.NO.L2/36/RNP/BVHO-46/2025-2027 RENEWED UPTO Dt. 31/12/2027
RNI REGISTRATION No. GUJGUJ / 2009 / 30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,
12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021
80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021
PAN No.: AACTS4389Q
CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો
નામ: 'શિશુવિહાર'
SBI નેટબેન્કિંગ અકાઉન્ટ નંબર: 32899173982
IFS Code: SBIN0060009
UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY
UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

Shishuvihar Bhavnagar
Shishuvihar Bhavnagar
Shishuvihar
Shishuvihar

**પરામર્શ સમિતિ :** સર્વશ્રી ઈન્દિરાબેન ભટ્ટ, સૃષ્ટિબેન સોલંકી, અનિલભાઈ બોરીચા, ભાવનાબેન પંડ્યા, હિનાબેન ભટ્ટ, રાજુભાઈ મકવાણા

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAKBHAI M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR ( GUJARAT ) AND PRITNED AT SUMEET PRINTERS, NEAR D.S.P. OFFICE, BEHIND MANUBHAI GATHIYAWALA, NAVAPARA ROAD, BHAVNAGAR, 364001. ( GUJARAT ) INDIA MOBILE : +91 9924986199